જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર  ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦    ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૪/૦૭/૨૦૧૬ ગુરૂવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**નશાબંધી ધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૨૮૦/૧૬**

**શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૦ કેસ કરી, ૨૯ વ્યક્તિઓને ઝડપી ૧૦૮ લીટર દેશી દારૂ, ૧ બોટલ ઈંગ્લીશ દારૂ અને ૧સ્કૂટર કબજે કર્યુ હતુ.**

**તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૨૮૧/૧૬**

**શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૩૪ વ્યક્તિઓની અને પ્રોહી.૯૩ મુજબ ૧૩ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી.**

**અપહરણઃ-** **સમાચાર યાદી નં.૧૨૮૨/૧૬**

**સોલા હાઈકોર્ટઃ સુમિત્રાબહેન બબલાભાઈ મીણા (ઉ.વ.૧૩)** (રહે.શેણબાઈનગરના છાપરાં સતાધાર ઘાટલોડીયા) ને તા.૯/૬/૧૬ કલાક ૧૦/૩૦ વાગ્યાના સુમારે ગુલાબ ટાવર યોગેશ્વર બંગલોઝ ખાતેથી આરોપી મણીલાલ મીણા (રહે. ગામ ધાવડી જીલ્લો ડુંગરપુર રાજસ્થાન) લગ્ન કરવાની લાલચ આપી લલચાવી ફોસલાવી ભગાડી લઈ ગયો છે. આ અંગેની ફરીયાદ સુમિત્રાબહેનના પિતા બબલાભાઈ મીણાએ તા.૧૩/૭/૧૬ નારોજ સોલા હાઈકોર્ટ પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એસ બી સૈયદ ચલાવે છે.

**ઘરફોડ-** **સમાચાર યાદી નં.૧૨૮૩/૧૬**

**નારણપુરાઃ નિકુંજભાઈ કિશોરભાઈ ભુપતાણી** (રહે.સુમંગલ સોસાયટી મેમનગર ફાયર સ્ટેશનના ખાચામાં નવરંગપુરા) એ તા.૧૩/૭/૧૪ નારોજ નારણપુરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨/૭/૧૬ સાંજના ૬/૦૦ થી તા.૧૩/૭/૧૬ કલાક ૧૨/૩૦ વાગ્યા દરમ્યાન નારણપુરા રંજન સોસાયટી વિભાગ-૨ નવદીપ હોલના ખાચામાં આવેલ નિકુંજભાઈના સસરાના મકાનના દરવાજાનુ તાળુ તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી સોના-ચાંદીના દાગીના અને રોકડ રૂપિયા મળી કુલ રૂપિયા ૧,૫૨,૪૦૦/- મતાની ચોરી કરી લઈ ગઈ છે.આ ગુનાની તપાસ પોસઈ.શ્રી આર એલ પારઘી ચલાવે છે.

**ચોરી :-** **સમાચાર યાદી નં.૧૨૮૪/૧૬**

**નરોડાઃ રમેશચંદ્ર રણછોડભાઈ રાવલ** (રહે.અશ્વમેઘ સોસાયટી ગાયત્રી વિદ્યાલયની બાજુમાં નરોડા) એ તા.૧૩/૭/૧૪ નારોજ નરોડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૦/૭/૧૬ કલાક ૧૦/૪૫ થી કલાક ૧/૦૦ વાગ્યા દરમ્યાન નરોડા ગેલેક્ષી સિનેમા પાછળ એમરોલ્ડ હોટલની અંદર ટેબલ ઉપરથી અજાણી વ્યક્તિ પર્સની ચોરી કરી લઈ ગઈ હતી. જે પર્સમાં સોના-ચાંદીના દાગીના અને રોકડ રૂપિયા ૧૦,૦૦૦/- મળી કુલ રૂપિયા ૭૪,૦૦૦/- મતા હતી. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એચ કે જાડેજા ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

લુંટઃ- સમાચાર યાદી નં.૧૨૮૫/૧૬

વટવાઃ બિરાજભાઇ વિજયભાઇ શાહ (રહે. ચોવીસ કેરેટ રેસીડેંસી દર્પણ છ રસ્તા પાસે નારણપુરા) તા.૧૨/૭/૧૬ સાંજના ૬/૦૦ વાગ્યાના સુમારે નારોલ ટ્રાંસપોર્ટનગરના ગેટ નજીકથી પસાર થઈ રહ્યા હતા ત્યારે રિક્ષા ચાલક અને રિક્ષામાં બેઠેલ બે પુરૂષોએ ભેગા મળી બિરાજભાઇ વિજયભાઇ શાહને ગડદાપાટુનો માર મારી બિરાજભાઈના ગળામાં પહેરેલ સોનાની ચેઇન કિમત રૂપિયા ૧,૫૦,૦૦૦/- તોડી લુંટ કરી જાનથી મારી નાખવાની ધમકી આપી નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ બિરાજભાઈ શાહે વટવા પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એસ.એ.ગોહીલ ચલાવે છે.

સોનાનો દોરો ખેચી તોડી લઈ ગયાઃ- સમાચાર યાદી નં.૧૨૮૬/૧૬

સાબરમતીઃ હરદેશકુમાર ગયાપ્રસાદ શર્મા (ઉ.વ.૩૭) (રહે.ભક્તિનગર સોસાયટી સોનાપાર્ક સોસાયટી ચાંદખેડા) એ તા.૧૩/૭/૧૬ નારોજ સાબરમતી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૭/૭/૧૬ બપોરના ૩/૨૦ વાગ્યાના સુમારે હરદેશભાઈના પત્ની એક્ટીવા ચલાવી પાર્શ્વનગર સોસાયટી જી.એસ.ટી. ફાટક અંબાજી માતાજીના મંદિર નજીકથી પસાર થઈ રહ્યા હતા ત્યારે મોટર સાયકલ નંબર જીજે ૧ એફયુ ૯૫૧૭ ઉપર આવેલ બે પુરૂષ હરદેશભાઈના પત્નીના ગળામાંથી સોનાનો દોરો કિમત રૂપિયા ૪૬,૭૮૦/- ખેચી તોડી લઈ નાસી ગયા હતા. આ ગુનાની તપાસ મ.સ.ઇ.શ્રી ઉદેસિહ ગુમાનસિહ ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)